# એક્ઝિટ પોલ બાદ એનડીએ વિસ્તારાશે

**ભાજપ સાથી પક્ષો ઉમેરવામાં વ્યસ્ત : નવીન પટનાઇક સાથે પ્રાથમિક રીતે વાતચીત કરવામાં આવી : ચૂંટણી બાદ એક્ઝિટ પોલમાં મોદીની સરકાર બનવાના દાવા કરવામાં આવ્યા બાદ ભાજપના વરિષ્ઠ નેતા ખુબ વ્યસ્ત બની ગયા : નવા સમીકરણના સંકેત**

મુંબઈ, તા.૧૩

એક્ઝિટ પોલના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ભાજપના વરિષ્ઠ નેતાઓ તેમના ગઠબંધનને વધારવામાં લાગી ગયા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ એક્ઝિટ પોલમાં મોદીના નેતૃત્વમાં કેન્દ્રમાં એનડીએ સરકાર આવવાના સંકેત મળી ગયા બાદ જાદુઅ આંકડા સુધી પહોંચવા અને સ્થિર સરકાર આડે કોઈ અડચણો ન રહે તેવા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પાર્ટીએ પોતાના જુના સાથી નવીન પટનાઈકની સાથે વાતચીત શરૂ કરી દીધી છે. વાતચીતમાં સામેલ રહેલા એક વરિષ્ઠ ભાજપના નેતાએ કહ્યું છે કે ચૂંટણી બાદ સમજુતીના મામલે વાતચીત થઈ છે. ભાજપના નેતાએ નામ જાહેર નહી કરવાની શરતે કહ્યું છે કે નવીન પટનાઈક અમારી ઓફરને લઈને નકારાત્મક નથી. નવીન પટનાઈકે માત્ર એટલુ કહ્યું છે કે ભાજપની તરફથી વાતચીતમાં અરૂણ જેટલી જેવા વરિષ્ઠ નેતાને સામેલ કરવામાં આવે તે જરૂરી છે. ભાજપના નેતાએ કહ્યું હતું કે પાર્ટી કોંગ્રેસ દ્વારા એનસીપી સાથે કરવામાં આવેલી સમજુતીની જેમ બીજેડીને બે કેબિનેટ અને એક રાજ્યમંત્રી પદની ઓફર કરી શકે છે. અલબત્ત તેમણે કહ્યું હતું કે આ વાતચીત સંપૂર્ણપણે અંતિમ પરિણામ પર આધારિત રહેશે. ઓરિસ્સાના મુખ્યપ્રદાન નવીન પટનાઈક પોતાના રાજ્યમાં ચૂંટણી યોજાયા બાદ ૧૬મી મેના દિવસે પરિણામ જાહેર થાય ત્યાં સુધી દિલ્હીમાં રોકાનાર છે. ભાજપના નેતાઓએ કહ્યું છે કે તમિળનાડુના મુખ્યપ્રદાન જયલલિતા સંભવિત સાથી પક્ષ હોઈ શકે છે. નેતાઓએ કહ્યું છે કે જયલલિતાની સાથે સીધી રીતે નરેન્દ્ર મોદી વાતચીત કરશે. અત્રે નોંધનીય છે કે જયલલિતા અને નરેન્દ્ર મોદી વચ્ચે ઘણા સારા સંબંધ છે. ભાજપના એક નેતાએ કહ્યું છે કે તમિળનાડુમાં અંતિમ તબક્કાના મતદાન પહેલા પ્રચારમાં બંન્ને નેતાઓએ એકબીજા પર પ્રહારો કર્યા હતા પરંતુ એકબીજા પર પ્રહાર માટે જે શબ્દોના ઉપયોગ કરવામાં આવ્યા તે બિલકુલ નબળા હતા. સોમવારના દિવસે જ લોકસભાના પૂર્વ અધ્યક્ષ પીએ સગ્મા સાથે પણ મોદીએ વાતચીત કરી હતી. તાજેતરમાં જુદા જુદા રાજકીય પક્ષોને એનડીએ ગઠબંધનમાં લાવવા માટેના પ્રયાસો તીવ્ર બનાવી દેવામાં આવ્યા છે. સાક્ષી પક્ષોના સંબંધમાં ભાજપના તમામ નેતાઓ કહી રહ્યા છે કે દેશના વિકાસમાં સામેલ થવા ઈચ્છુક દરેક પાર્ટીને ભાજપમાં આવકાર આપવામાં આવનાર છે.

# નરેન્દ્ર મોદીને રોકવા કોંગ્રેસની 'એમ' યોજના

**હવે મમતા, માયા, મુલાયમ સિંહથી જ કોંગીને આશા છે મોદીના નક્કર વિરોધીઓને એકસાથે કરવા રમત શરૂ**

નવીદિલ્હી, તા.૧૩

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર કેન્દ્રમાં આવનાર છે તેવો સંકેત મોટા ભાગના એગ્ઝિટ પોલમાં આપવામાં આવ્યા બાદ કોંગ્રેસે તેની નવી રણનિતી તૈયાર કરી લીધી છે. નરેન્દ્ર મોદીને સત્તા પર કોંગ્રેસ દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ કેટલાક પ્રાદેશિક પક્ષોની સાથે વાતચીત શરૂ કરી દીધી છે. કોંગ્રેસના સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે કોઈ પાર્ટી અથવા તો કોઈ ગઠબંધનને બહુમતિ નહી મળવાની સ્થિતીમાં પ્રાદેશિક પક્ષોની ભૂમિકા





આવવાથી રોકવા નવી નિતી તૈયાર કરાઈ છે. આ નવી નિતી એમ યોજના છે. ટુંકમાં મમતા બેનર્જી, માયાવતી અને મુલાયમસિંહની તાકાતનો ઉપયોગ કરીને કોંગ્રેસે હવે એમ યોજના બનાવી લીધી છે. એક સમાન વિચારધારા ધરાવતી પાર્ટીઓને એક કરવાના પ્રયાસો ચાવીરૂપ રહેશે. સુત્રોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો સોનિયા ગાંધીએ થોડાક સમય પહેલા જ વાતચીત શરૂ કરી દીધી હતી. મોદી અને મમતા વચ્ચે ખેંચતાણ વધી ગયા બાદ કોંગ્રેસે આ નિતિ પર ાગળ વધવાની તૈયારી કરી છે. રહેતા

# વડાપ્રધાન પર્સનલ સ્ટાફને મળ્યા

**સાથ સહકાર બદલ તમામનો આભાર માન્યો : મનમોહનસિંહ વર્ષ ૨૦૦૪માં વડાપ્રધાન બની ગયા હતા શનિવારે અંતિમ કેબિનેટ બેઠક બાદ દેશને સંબોધન કરશે**





નવીદિલ્હી,તા. ૧૩

વડાપ્રધાન મનમોહનસિંહે આજે અંગત રીતે તેમની સાઉથ બ્લોક ઓફિસમાં તેમના પર્સનલ સ્ટાફને ગુડબાય કર્યા હતા. સાથે સાથે તેમની સહાયતા કરવા બદલ તેમનો આભાર પણ માન્યો હતો. મનમોહનસિંહ આજે તેમના ૧૧૦ પર્સનલ સ્ટાફના સભ્યોને મળ્યા હતા અને તેમના પ્રત્યે આદરભાવના રાખવા બદલ તેમનો આભાર માન્યો હતો. ૨૦૦૪માં વડાપ્રધાન બનેલા મનમોહનસિંહ પીએમઓમાં તેમને મળ્યા હતા.

પીએમઓમાં ૪૦૦થી વધુ સ્ટાફના સભ્યો તેમને મળવા માટે પહોંચ્યા હતા. સાઉથ બ્લોકના કોરિડોરમાં વડાપ્રધાન માટે સન્માન કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. વડાપ્રધાન શનિવારના દિવસે તેમની અંતિમ કેબિનેટ બેઠક યોજશે ત્યારબાદ તેઓ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને મળશે. રાષ્ટ્રપતિને મળ્યા બાદ વડાપ્રધાન રાષ્ટ્રને સંબોધન કરશે તે જ દિવસે મનમોહનસિંહ તેમના પ્રધાનમંડળના સભ્યો માટે હાઈ ટીનું આયોજન કરશે. ત્યારબાદ રાષ્ટ્રપતિ તમામ માટે ડીનરનું આયોજન કરશે. પીએમઓમાં પણ નવા વડાપ્રધાનને આવકારવા માટે તૈયારી શરૂ થઈ છે.

# હાર જીતને લઇને કોઇપણ ચિંતા નથી : કુમાર વિશ્વાસ

**અમેઠીને છોડવા કોઈ ઈરાદો નથી : એએપી દ્વારા કેટલીક ભુલો થયાની કબૂલાત : સમાજના હિતમાં કામ કરવા એએપીના કાર્યકરો ઉત્સુક છે : કુમાર વિશ્વાસ**

અમેઠી,તા. ૧૩

આમ આદમી પાર્ટીના નેતા અને અમેઠી લોકસભા બેઠક પરથી પક્ષના ઉમેદવાર કુમાર વિશ્વાસે આજે કહ્યું હતું કે, તેઓ આ ચૂંટણીમાં હારે કે જીતે પરંતુ આ મતવિસ્તાર છોડશે નહીં. અમેઠીમાં રહેવાની તેમની યોજના છે. કુમાર વિશ્વાસે એમ પણ કહ્યું હતું કે, પાર્ટી દ્વારા ચોક્કસપણે કેટલીક ભુલો કરવામાં આવી હતી જેના કારણે નુકસાન થઈ શકે છે. કુમાર વિશ્વાસ હજુ સુધી લોકસભાની ચૂંટણીમાં જીતવા માટેના દાવા કરી રહ્યા હતા પરંતુ હવે તેમનું કહેવું છે કે, ચૂંટણી હારે કે જીતે અમેઠીમાં જ રહેશે. કુમાર વિશ્વાસની અમેઠીમાં હાર નિશ્ચિત દેખાઈ રહી છે. અમેઠીમાં કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી અને ભાજપના સ્મૃતિ ઈરાની ચૂંટણી મેદાનમાં છે. આવી સ્થિતિમાં મુખ્ય ટક્કર સ્મૃતિ અને રાહુલ વચ્ચે છે. એએપીના નેતાએ દાવો કર્યો હતો કે, તેઓ મતદારોના દિલ જીતવામાં સફળ રહ્યા છે. જે કોઈપણ વ્યક્તિ અમેઠીમાં જીતે પરંતુ તેઓ લોકોમાં લોકપ્રિય થયા છે. આ મત વિસ્તારમાં એએપીની કામગીરીથી પ્રભાવિત થઈને ૧૭૫૦૦ જેટલા લોકો જોડાઈ ચુક્યા છે. પાર્ટી સામાન્ય લોકો દ્વારા સામનો કરવામાં આવી રહેલી સમસ્યાઓ અને પડકારોના સંદર્ભમાં માહિતી મેળવવા બ્લોક સ્તરે એક કાયમી ઓફિસ શરૂ કરશે. કોઈપણ વ્યક્તિ અથવા પક્ષને નુકસાન કર્યા વગર સમાજના હિતમાં એએપીના કાર્યકરો કામ કરશે.

અમેઠીમાં સાતમી મેના દિવસે લોકસભાની ચૂંટણી યોજાઈ હતી. અમેઠીમાં તમામ મતદારોની નજર પહેલાથી જ કેન્દ્રિત હતી. એક બાજુ રાહુલ ગાંધી અહીં મેદાનમાં રહ્યા છે. રાહુલ ગાંધીની આ વખતે આકરી કસોટી થનાર છે. કારણ કે અમેઠીમાં નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચાર કરવા માટે પહોંચ્યા હતા અને આક્રમક ભાષણ આપ્યું હતું. અમેઠીમાં જ નહીં પરંતુ સમગ્ર ઉત્તરપ્રદેશમાં આ વખતે ભાજપ જોરદાર દેખાવ કરનાર છે તેવી આગાહી એક્ઝિટ પોલમાં કરવામાં આવ્યા બાદ અમેઠીમાં ચિત્ર શું રહેશે તે બાબત ૧૬મી મેના દિવસે જાણી શકાશે. એએપી, ભાજપ અને કોંગ્રેસ તથા બસપના ટોચના નેતાઓ પણ કોઈ દાવો કરવાની સ્થિતિમાં નથી.

# કેદારનાથની યાત્રાને ૧૬મી મે સુધી બંધ કરવા નિર્ણય

**બદ્રીનાથની યાત્રા પણ કામચલાઉ ધોરણે રોકાઈ : ગડવાલ હિમાલયના ઉંચાણવાળા ભાગમાં ભારે હિમવર્ષા અને વરસાદ : જોશીમઠથી આગળ નહી જવાનો આદેશ**

દેહરાદૂન,તા. ૧૩

ગડવાલ હિમાલયના ઉંચાણવાળા વિસ્તારોમાં અતિ ભારે હિમવર્ષા અને વરસાદના પરિણામ સ્વરુપે ચાર ધામની યાત્રાને માઠી અસર થઈ છે. કેદારનાથની ખીણના નિચાણવાળા વિસ્તારોમાં વરસાદ પણ થયો છે. તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે, જ્યા સુધી હવામાન સ્વચ્છ થશે નહીં ત્યાં સુધી આ યાત્રાને આગળ વધવાની મંજુરી આપવામાં આવશે નહીં. નિચાળવાળા



વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડી રહ્યા છે. સોનપ્રયાગમાં હાલમાં શ્રદ્ધાળુઓ અટવાયેલા છે. ગડવાલ હિમાલયના ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે વિનાશકારી પુર અને ભારે વરસાદના કારણે કેદારનાથ અને ચાર ધામની યાત્રાને ભારે નુકસાન થયું હતું. ૫૦૦૦ લોકો માર્યા ગયા હતા. વિશ્વ પ્રસિદ્ધ કેદારનાથ ધામને શ્રદ્ધાળુઓ માટે ખોલવામાં આવ્યાના એક યાત્રાને ૧૬મી મે સુધી રોકી દેવામાં આવી છે જ્યારે બદ્રીનાથની યાત્રાને કામચલાઉ ધોરણે રોકી દેવામાં આવી છે. બદ્રીનાથ-કેદારનાથ મંદિર કમિટિના સીઈઓ વીડી સિંહે માહિતી આપતા કહ્યું છે કે, કેદારનાથની યાત્રા ૧૬મી મે સુધી બંધ રહેશે. કેદાર ખીણમાં હિમવર્ષા જારી રહી છે. બદ્રીનાથની યાત્રાને પણ રોકવામાં આવી છે. હેલિકોપ્ટરની સેવા જે નિર્ધારિત કાર્યક્રમ મુજબ ૧૨મી મેથી શરૂ થનાર હતી તેના બદલે હવે ૧૭મી મેથી શરૂ થશે.

ભારે હિમવર્ષા અને ખરાબ હવામાનના કારણે કેદારનાથની યાત્રા બંધ રાખવામાં આવી હતી. કેદાર સપ્તાહ બાદ યાત્રા ભારે હિમ વર્ષા તથા પ્રદેશમાં ખરાબ હવામાનના કારણે રોકી દેવામાં આવી હતી. શ્રદ્ધાળુઓને ગુપ્ત કાશી ખાતે રોકવામાં આવ્યા હતા. ફરી એકવાર ખરાબ હવામાનના કારણે તંત્રમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. કેદારનાથ અને બદ્રીનાથ મંદિરના દ્વારા શ્રદ્ધાળુઓ માટે ગયા સપ્તાહમાં વરસાદ વચ્ચે ખોલવામાં આવ્યા હતા. દરમિયાન કેદારનાથ યાત્રા માટે પુરતી વ્યવસ્થા નહીં હોવાની ફરિયાદ પણ ઉઠી હતી. ગયા વર્ષની સરખામણીમાં આ વખતે ચાર ધામની યાત્રામાં શ્રદ્ધાળુઓ ઘટ્યા છે. કેદારનાથ અને બદ્રીનાથની યાત્રા કામચલાઉ ધોરણે રોકવામાં આવતા શ્રદ્ધાળુઓમાં ભારે નિરાશા છે.

# બજારમાં તીવ્ર તેજી જારી : વધુ ૩૨૦ પોઈન્ટનો મોટો ઉછાળો

**બજારમાં કારોબારના અંતે લેવાલીની વચ્ચે સેંસેક્સ ૨૩૮૭૧ની અને નિફ્ટી ૭૧૦૯ની સપાટીએ : અનેક શેર નવી ઐતિહાસિક સપાટી પર પહોંચી ગયા**

મુંબઈ, તા.૧૩

એક્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા બાદ તેની સીધી અસર આજે શેરબજાર ઉપર જોવા મળી હતી. આજે કારોબારના અંતે સેંસેક્સ વધુ ૩૨૦ પોઈન્ટ સુધરીને ૨૩૮૭૧ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો જ્યારે નિફ્ટી ૯૫ પોઈન્ટ સુધરીને ૭૧૦૯ની સપાટીએ રહ્યો હતો. ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન સેંસેક્સે પ્રથમ વખત ૨૪૦૦૦ની સપાટી કુદાવી દીધી હતી. જો કે, કારોબારના અંતે તેમાં આ સ્થિતિ રહી ન હતી અને થોડી પીછેહઠ સાથે સેંસેક્સ ૨૩૮૭૧ની સપાટીએ રહ્યો હતો. એફઆઈઆઈ દ્વારા પાવર, કન્ઝ્યુમર ડ્યુરેબલ, પીએસયુ, બેંકિંગ અને કેપિટલ ગુડ્ઝના શેરમાં અવિરત લેવાલીના પરિણામ સ્વરુપે સેંસેક્સે ૨૪૦૦૦ની સપાટી ઈન્ટ્રા ડે દરમિયાન કુદાવી હતી. જો કે, અંતે તેમાં ૩૨૦ પોઈન્ટનો સુધારો થયો હતો. મજબૂતી સાથે કારોબારની શરૂઆત થઈ હતી અને ઈન્ટ્રા ડે દરમિયાન સેંસેક્સ ૫૧૮ ઉછળીને ૨૪૦૬૮ની સપાટીએ પહોંચી ગયો હતો. કોલ ઈન્ડિયા, રિલાયન્સ, એસબીઆઈ, એનટીપીસી, ઓએનજીસી, આઈટીસી, મારુતિ સુઝુકી, ઈન્ફોસીસમાં તેજી જામી હતી. છેલ્લા બે કારોબારી સેશનમાં સેંસેક્સમાં ૧૨૦૭ પોઈન્ટનો સુધાર થયા બાદ તેમાં વધુ ૩૨૦ પોઈન્ટનો આજે સુધાર થયો હતો જેથી માત્ર ત્રણ કારોબારી સેશનમાં ૧૫૨૭ પોઈન્ટનો ઉછાળો નોંધાઈ ચુક્યો છે.

નિફ્ટીમાં પણ આવી જ સ્થિતિ રહી હતી. પીએસયુ, ઓઈલ એન્ડ ગેસ, કેપિટલ ગુડ્ઝમાં તમામની નજર રહી હતી જેના લીધે ચાવીરુપ ઈન્ડેક્સ ઐતિહાસિક ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. રેકોર્ડ ઉંચી તરફ બેંચ માર્ક ઈન્ડેક્સની આગેકૂચ જારી રહી હતી. નિફ્ટી સતત ચોથા દિવસે ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યો હતો. સેંસેક્સ વર્તમાન સપાટીથી ૩૦૦૦ પોઈન્ટ ઉછળીને હજુ નવી સપાટી હાંસલ કરશે. કારણ કે નવી બિઝનેસ લક્ષી એનડીએ સરકાર સુધારાને આગળ વધારનાર છે. એન એન્ડ પી મિડકેપ ઈન્ડેક્સમાં ૧.૪૪ ટકા, સ્મોલકેપમાં ૧.૭૧ ટકા, કેપિટલ ગુડ્ઝમાં ૨.૫૧ ટકા, પાવર ઈન્ડેક્સમાં ૩.૨૬ ટકા, ઓઈલ એન્ડ ગેસમાં ૨.૮૪ ટકા, આઈટી ઈન્ડેક્સમાં ૨.૫૯ ટકાનો સુધાર થયો હતો.

# નીતિન ગડકરી ફરી ભાજપ પ્રમુખ બને તેવી પ્રબળ વકી

**નરેન્દ્ર મોદી સાથે લાંબી મંત્રણા બાદ નવા સમીકરણ પર પણ ચર્ચા : રાજનાથસિંહ સરકારમાં જોડાય તેવી શક્યતા : ઈન્કમટેક્સથી ક્લિનચીટ મળ્યા બાદ માર્ગ મોકળો**

નવીદિલ્હી,તા. ૧૩

ભાજપના વરિષ્ઠ નેતા નીતિન ગડકરી ફરીથી ભાજપ પ્રમુખ બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આ સંદર્ભમાં ચક્રોગતિમાન થઈ ચુક્યા છે. નીતિન ગડકરી સ્વયંસેવક સંઘ પણ માને છે કે, ગડકરીની સામે ઈન્કસ ટેક્સ વિભાગની કાર્યવાહી રાજકીય પ્રેરિત હતી. ત્યારે તેમની પ્રતિષ્ઠા પુનઃ સ્થાપિત કરવામાં તે જરૂરી છે.

ઈન્કમ ટેક્સ વિભાગે હાલમાં જ કહ્યું છે કે, નીતિન



સાથે જોડાયેલા પૂર્તિ ગ્રુપ ઉપર ઈન્કમટેક્સના દરોડાના સમયને લઈને પ્રશ્નો ઉઠી રહ્યા હતા જેના લીધે તેમને બીજી વખત ભાજપ પ્રમુખ બનાવવામાં આવ્યા ન હતા. હવે સામાન્ય ચૂંટણીના પરિણામ જાહેર થાય તેના પહેલા ઈન્કમ ટેક્સ વિભાગ તરફથી ક્લિનચીટ મળી ગયા બાદ ભાજપ પ્રમુખ બનવા માટેનો માર્ગ મોકળો થયો છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકાર કેન્દ્રમાં આવશે તેવા એક્ઝિટ પોલના તારણ બાદ સ્થિતિ હળવી બની રહી છે. ભાજપના વરિષ્ઠ નેતાઓમાં પણ ચર્ચાનો દોર ચાલી રહ્યો છે. ભાજપની સરકાર બનવાની સ્થિતિમાં તેમના માટે નવી શક્યતાઓના દ્વાર ખુલી શકે છે. પક્ષ પ્રમુખ રાજનાથસિંહ જો સરકારમાં સામેલ થશે તો ગડકરીને ભાજપ પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતા છે. ગડકરીએ ગઈકાલે ગાંધીનગરમાં ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરી હતી. બંને નેતાઓએ સંભવિત પરિણામ અને ત્યારબાદ ઉભી થનાર સ્થિતિ ઉપર ચર્ચા કરી હતી. એમ માનવામાં આવે છે કે, ૧૬મી મે બાદ પાર્ટીમાં ગડકરીની ભૂમિકાને લઈને પણ ચર્ચા થઈ હતી. સૂત્રોએ કહ્યું છે કે, રાષ્ટ્રીય ગડકરીની સામે કોઈપણ તપાસ પેન્ડિંગ નથી. દિલ્હીના આરટીઆઈ કાર્યકર સુમિત દલાલ દ્વારા કરવામાં આવેલી અરજીના જવાબમાં આવકવેરા વિભાગે આ પ્રકારની માહિતી આપી હતી. ગડકરીને મળેલી ક્લિનચીટથી સરકાર બનાવવાની કવાયતમાં લાગેલા ભાજપને પણ ફાયદો થયો છે. ગડકરી ફરી એકવાર ભાજપ પ્રમુખ બની શકે છે. ગયા વર્ષે જાન્યુઆરી મહિનામાં પાર્ટી પ્રમુખ તરીકે ગડકરીની બીજી અવધિ માટે નિમણૂંક નિશ્ચિત બની હતી પરંતુ મુંબઈ સહિત સાત જગ્યા ઉપર આવકવેરા વિભાગના દરોડાના કારણે ગડકરીની યોજના અધુરી રહી ગઈ હતી અને રાજનાથસિંહને પક્ષ પ્રમુખ બનાવવામાં આવ્યા હતા પરંતુ હવે ગડકરીને ક્લિનચીટ મળી ચુકી છે.

### નવાં કલેવર (પાના નં. ૪નું ચાલું...)

ધ્યાન રાખે. કંઇક મેળવવાની ઇચ્છામાં કોઇ લાગણીને લાંબા સમય માટે દબાવવામાં ઓ તો તેનું પરિણામ પોતાના માટે નુકશાનકારક જ આવતું હોય છે. અચાનક આવેલી ડિપ્રેશનની આ બિમારીએ માં દીકરીને ખુબ નજીક લાવી દીધાં હતા. પોતાની મોમને એકલતા ન લાગે તે માટે શોપીંગ કે સાથે ફરવા જવાનું રોજ તો શક્ય નહોતું તેથી તેણે કોમ્પ્યુટરની એબીસીડી શીખવતાં શીખવતાં તેમને ફેસબુકની આભાસી દુનિયા સાથે જોડી દીધી. બે જ મહિનામાં આકાંક્ષા તેમાં પારંગત થઇ ગઇ હોય તેમ તેણે પોતાનો ફેસબુક એકાઉન્ટ મેનેઝીંગ કરવા માંડ્યો. આ સોસિયલ નેટવર્કીંગ સાઇટની એ કમાલ હતી કે સુનિધિની લાગણીની જે હોય તે પણ આકાંક્ષાએ પોતાની જાતને સંભાળી લીધી અને ઝડપથી પોતાની એકલતાનામાંથી બહાર આવી ગઇ. હવે તે ખુશ રહેવા લાગી હતી. આસુતોષેને પણ પોતાના કારણે આકાંક્ષાની એકલતાની જવાબદારીમાંથી મુક્તિનો અહેસાસ થયો.

(ક્રમશઃ)

# ડોલર સામે રૂપિયો ૩૭ પૈસા સુધરી ૫૯.૬૮ની સપાટીએ

**કેન્દ્રમાં મોદીના નેતૃત્વમાં જ સરકાર બનશે તેવી એક્ઝિટ પોલની આગાહી બાદ ડોલર સામે રૂપિયો મજબૂત થયો**

નવીદિલ્હી, તા. ૧૩

ડોલર સામે રૂપિયામાં આજે તેજી જોવા મળી હતી. કારોબારના અંતે ડોલર સામે રૂપિયો ૩૭ પૈસા સુધરીને નવ મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. ડોલર સામે રૂપિયા ૫૯.૬૮ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. એક્ઝિટ પોલના તારણ બાદ શેરબજારમાં અવિરત તેજી પ્રવર્તી રહી છે ત્યારે રૂપિયા ઉપર પણ તેની અસર થઈ છે. કેન્દ્રમાં ભાજપના નેતૃત્વમાં સરકાર બનશે તેવી એક્ઝિટ પોલે આગાહી કર્યા બાદ શેરબજારની સાથે સાથે હવે રૂપિયામાં પણ તેજી જામી છે. રૂપિયો આજે ૫૯.૭૦ની સપાટીએ ખુલ્યો હતો. ગઈકાલે કારોબારના અંતે રૂપિયો ડોલર સામે ૬૦.૦૫ની સપાટીએ રહ્યો હતો. રૂપિયો અંતે મજબૂત સપાટી સાથે બંધ રહ્યો હતો. ૨૫મી એપ્રિલ બાદથી રૂપિયામાં સૌથી મજબૂતી જોવા મળી હતી. ૨૫મી એપ્રિલના દિવસે ડોલર સામે રૂપિયો ૪૭ પૈસા સુધરીને બંધ રહ્યો હતો. ઐતિહાસિક ડેટા ઉપર નજર કરવામાં આવે તો રૂપિયો ૨૯મી જુલાઈ ૨૦૧૩ના દિવસો ૫૯.૪૧ની સપાટીએ રહ્યો હતો.

### ગુલમહોર (પાના નં.૪નું ચાલુ...)

બચાવવા માટે અને ઓપરેશન — સારવાર માટે તેઓ એ વિધિ બાકી રાખીને અહીં હોસ્પિટલ ઉપર આવી ગયા હતા. અત્યારે તેઓ ઉતાવળમાં હતા એટલે તમારી સાથે વાત કરવાનો સમય પણ નહોતો. કારણ કે હજુ તેમના ઘરે રાખવામાં આવેલો દીકરાનો મૃતદેહ અંતિમવિધિની રાહ જોઈ રહ્યો હતો."

સિક્કાની બેઉ બાજુઓને જોવી જોઈએ. આપણે કોઈ એક જ સાઈડ જોઈને કોઈના વિશે કોઈ પ્રકારનું અનુમાન બાંધીને ગ્રંથિઓ યા પૂર્વગ્રહ બાંધી દેતા હોઈએ છીએ. આ સ્થિતિથી બચવું જોઈએ.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧